Acknowledgement



## નિવેદન

આધુનિક ગુજરાતી સાહિત્યમાં મારાં રસ-રુચિ કેળવાયાં તેનું શ્રેય અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી સાહિત્યના મારા વિદ્યાગુરુઓને ઘટે. આમ તો વેદ-પુરાણ અને પ્રાચીન ભારતીય સાહિત્ય પ્રત્યેનાં લગાવ અને સંસ્કાર મારા પિતા અને ફોઈ પાસેથી વારસામાં મળેલાં. વિજ્ઞાનશાખાની અભ્યાસી માની પ્રવૃત્તિમાં પણ સાહિત્યપ્રીતિ વિશેષ – જેનો લાભ મને છંદ, અલંકાર અને ગદ્ય-પદ્ય કૃતિઓમાં રસ કેળવવાથી થયો. આમ વારસામાં મળેલી કવિતા અને કથા માટેની પ્રીતિ અને નિસ્બત પ્રકૃતિમાં જ વણાઈ હતી. એટલે, વાણિજ્યશાખા છોડી ગુજરાતી સાહિત્ય સાથે બી.એ. અને પછી એમ. એ. કરી શકી. સાહિત્યાભ્યાસનાં આ પાંચ વર્ષો દરમ્યાન એમ. એ. કરી અટકી ન જતાં સાહિત્ય સાથેનો નાતો કાયમી રહે તે નિર્ધાર દૃઢ થતો ગયો. આ નિર્ધારમાં મારી ભાવકચેતનાનું સંમાર્જન કરનારા એમ. એસ. યુનિ.ના ગુજરાતી વિભાગના મારા પ્રત્યેક સાહિત્યગુરુનો શ્રમ લેખે લાગ્યો હોવાની મને પ્રતીતિ છે. એમ. એ. પાર્ટ-૨ની સાથે એ જ વર્ષે યુ.જી.સી. –નેટની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરી શકી તેમાં પણ આ ગુરુજનોનાં જ માર્ગદર્શન અને પ્રેરણા મારી મથામણોને પાર પાડવામાં સહાયક બન્યાં.

એમ. એ. પૂરું થયા પછી પાંચેક વર્ષ દૂરદૂરનાં ગામ-શહેરની નોકરીના રઝળપાટમાંયે કથાસાહિત્ય ક્ષેત્રે સંશોધન માટેની ઇચ્છા એટલી જ તીવ્ર અને વિચારપ્રક્રિયા પણ એટલી જ સાતત્યપૂર્ણ રહી એ માટે પણ ગુરુજનોનો સંપર્ક અને સંશોધનનાં ક્ષેત્ર-વિષય સંદર્ભે એમની સાથેની ચર્ચાઓ કારણરૂપ છે. અંતે એમ. એસ. યુનિ.ના ગુજરાતી વિભાગમાં જ પ્રો. રમણ સોની સાથે વિગતે ચર્ચા કરી એમને મારા સંશોધનકાર્યમાં માર્ગદર્શન આપવા સંમત કર્યા. મારા મનમાં કોઈક રીતે કથાસાહિત્યમાં જ સંશોધન કરવાની વાત હતી. ગુજરાતી કથાસાહિત્યમાંથી પસાર થવાના સમયગાળા દરમ્યાન સરોજ પાઠકની નવલકથા 'નાઈટમૅર', 'નિઃશેષ' અને 'ઉપનાયક'ના વાચને મને પ્રભાવિત કરેલી. સરોજ પાઠકની વાર્તાઓની પણ એ વખતે ચોક્કસ છાપ મનમાં હતી. આમ સરોજ પાઠકના કથાસાહિત્યમાં સંખ્યાવૈપુલ્યની સાથોસાથ તેમાં નિરૂપિત નારીવાદી ધારદાર દૃષ્ટિકોણ અને મોટાભાગની કૃતિની રચનારીતિમાં પ્રયોજાયેલો મનોવૈજ્ઞાનિક અભિગમ મારી રુચિને અનુકૂળ હોવાથી સરોજ પાઠકના કથાસાહિત્યને વિગતે અને ઊંડાણથી તપાસવા તરફ મન વળ્યું. વળી સરોજ પાઠકના સમગ્ર કથાસાહિત્યમાંથી પસાર થતાં તરત જ

નજરે પડનાર તેમના કથાસાહિત્યની વિશેષતા – તેમના સર્જનમાં વ્યક્તિ સરોજ પાઠકનો જીવનાનુભવ અને લેખક સરોજ પાઠકની સર્જનપ્રતિભાના તદ્દન સ્વાભાવિક સમન્વયમાંથી સહજ રીતે સ્ફૂરેલાં દૃષ્ટિકોણ અને સર્જનશક્તિ સરોજ પાઠકના સાહિત્યની પસંદગી માટે કારણરૂપ બન્યાં. આમ નારીવાદ અને મનોવૈજ્ઞાનિક અભિગમ એમના કથાસાહિત્યમાં કૃતક રીતે કોઈ વાદ તરીકે નહીં પણ જીવનદૃષ્ટિ તરીકે આવતાં હોવાથી તેને તપાસવાનું મને રુચ્યું.

રજીસ્ટ્રેશનના ગણતરીના મહિનાઓ પછી મ.સ.યુનિ.ના ગુજરાતી વિભાગમાં જ હંગામી ધોરણે પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે જોડાતાં મારા સંશોધનકાર્યને અનુકૂળ એવો અવકાશ અને વાતાવરણ મળ્યાં. આ બે વર્ષમાં મારા સંશોધનકાર્યની નિર્ધારિત રૂપરેખામાંથી સારું એવું કામ થયેલું પણ ૧૯૯૬માં વડોદરા છોડી મુંબઈ આવી, સ્થાયી થવાનું બન્યું. આ જ સમયગાળામાં બે કૃતિઓના અનુવાદનું કામ પણ હાથ ધરેલું તેમાં વ્યસ્ત રહેવાને લીધે, અનુવાદનાં બે પુસ્તકો પ્રકાશિત થઈ શક્યાં પણ, સંશોધનકાર્યના વેગમાં અવરોધ ઊભો થયેલો. વચ્ચે વચ્ચે કામ થતું પણ એ કાળ પણ સંશોધનકાર્ય માટેની પદ્ધતિ અને શિસ્તનો મારો કેળવણીકાળ હતો એવું આજે પ્રતીત થાય છે. કારણકે અનુવાદ અને સંશોધનના એક સાથે ચાલતા કામને કારણે વિલંબાતા મારા સંશોધનકાર્યથી ને શરૂઆતનાં મારાં લખાણોથી ચોકસાઈ, ચીવટ, સ્પષ્ટતા અને લાઘવના આગ્રહી સોનીસાહેબને સંતોષ ન થતો. એ વખતના એમના એ અસંતોષનો મોટો લાભ મારી ભાવન-વિવેચન પદ્ધતિ અને મારી ભાષાને થયો. એમના ક્યારેક અકળાવનારા, મૂંઝવનારા આગ્રહો વડે જ મારા લેખનમાં સુગ્રથિતતા અને શિસ્ત કેળવાયાં. આ કેળવણી કોઈપણ કૃતિના ભાવન-વિવેચનમાં ને વ્યવસ્થિત વિવેચન-લેખનમાં મને જીવનપર્યંત ખપ લાગશે તે માટે સોનીસાહેબનું ઋણ માથે ચઢાવું છું.

મારા સંશોધનકાર્ય દરમ્યાન મને ઘરની તમામ જવાબદારીઓમાંથી પૂરેપૂરી મુક્ત રાખી, મારી એકએક જરૂરિયાતને પૂરી કરવા સતત તત્પર રહી મને માનસિક આધાર આપવા બદલ જીવનસખા અનિલનો આભાર નથી માનવો પણ આ કટોકટીના સમયમાં એણે મને પ્રતીત કરાવેલી નિસ્બતથી મન ભરાઈ આવે છે. આ દિવસોમાં જ્યારે જરૂર પડે ત્યારે તમામ પ્રકારે આધાર બનનારાં સ્વજનો મા, ધર્મેશ, ગુડ્ડી અને સંજયનું – તેમણે સદાય પડખે રહી નૈતિક હિંમત આપી તે માટેનું – ઋણ કદી અદા થઈ શકે તેમ નથી. વડોદરામાં લેખનકાર્ય માટેની મારી

તમામ સુવિધા સાચવનાર, જ્યારે જરૂર પડે ત્યારે સ્ટેશનરીથી માંડી ઝેરોક્ષ સુધીના કામ હસતે મોઢે કરાવી આપનાર નિલેશ ઠાકોરની પણ આભારી છું.

ડૉ. નીતિન મહેતાએ મારા સંશોધનકાર્યમાં જરૂર પડે ત્યારે પોતાનાં અંગત પુસ્તકો ઉપરાંત મુંબઇ યુનિવર્સિટીની જે. એન લાયબ્રેરીમાંથી પુસ્તકો લાવી આપી મારા શોધનિબંધને જરૂરી આધારસામગ્રી અને સંદર્ભસામગ્રી માટે ખાસ્સી એવી મદદ કરી છે. મારાં કામ પ્રત્યે એમના અને મંદાબેનના સ્નેહ અને સદ્ભાવને અંતઃકરણપૂર્વક સ્મરું છું. સરોજ પાઠકના કુલ સાત વાર્તાસંગ્રહોમાંથી 'પ્રેમ ઘટા ઝૂક આઈ', 'મારો અસબાબ, મારો રાગ' અને 'પ્રીત બંધાણી' એ ત્રણ અપ્રાપ્ય વાર્તાસંગ્રહો મેળવી આપવા બદલ મુરબ્બી જયંત પાઠક અને મિત્ર રાજેન્દ્ર મહેતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

અને છેવટે જેમની કઠોર કૃપા વિના આ કામ પૂરું થવાનું લગભગ અશક્ય હતું તેવા મારા માર્ગદર્શક સોનીસાહેબના ઠપકા અને મારા કામ માટેની એમની નિસ્બતનું ઋણ માથે ચઢાવું છું. છેવટના દિવસોનાં મારા વડોદરાવાસ અને લેખનકાર્ય દરમ્યાન મને હૂંફ અને સ્નેહથી સાચવી લેવા માટે (ગુરુપત્ની) શારદાબેન સોનીને પણ કૃતજ્ઞતાપૂર્વક સ્મરું છું.

કોઈપણ વિદ્યાકાર્યમાં અગાઉ જે સંશોધનો થયાં હોય તે આધારરૂપ બનતાં હોય છે, એ અર્થમાં મારા પુરોગામી અભ્યાસીઓ અને વિદ્વાનોનો ઋણસ્વીકાર કરું છું. અંતે આજે મારું સંશોધનકાર્ય પરિપૂર્ણ થવાના પ્રસંગે મારા અભ્યાસકાળના તમામ ગુરુજનો પ્રો. સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રો. શિરીષ પંચાલ, પ્રો. સુધા પંડ્યા, પ્રો. ભારતી દલાલ, ડૉ. નીતા ભગત અને ડૉ. અરુણા બક્ષીની ઋણી છું.

સંદર્ભગ્રંથો માટે સહકાર આપનાર માટે મુંબઈ યુનિવર્સિટીના જવાહરલાલ નહેરુ પુસ્તકાલયના લાયબ્રેરીયન અને સ્ટાફના કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યક્ત કરું છું.

આ બધાં મધુર સ્મરણો સાથે, મારું આ સંશોધનકાર્ય રજૂ કરતાં આનંદ ને રાહતનો ભાવ અનુભવું છું.

Ompandya

(ઉર્વશી પંડ્યા)

વડોદરા; ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૩